# હુસૈની ટેકરી, કાણોદર સંગે બુનિયાદની શતાબ્દી

## સફર ૧૯૦૬ થી ૨૦૦૬





**Shia Ithna Ashari Momin Jamaat**

**KANODAR**- 385520, Tal.: Palanpur Dist.: Banaskantha
(North Gujarat) INDIA
Phone :- (02742) 242382, 242962
E.mail :- shiajamatkdr@yahoo.com / pr.shiajamatkdr@yahoo.com


Design By KV Design

# બઈસ્મે સુબ્હાનહુ વબે ઝીક્રે વલીય્યેહી.

રબ્બે રહીમના ફઝલો કરમથી અને ચહારદા માઅસુમીન અ.સ. ની નઝરે કરમથી કાણોદર ગામના મોઅમેનીન ભાઈઓ આજથી એક સૈકા પહેલાં નાના સમુહથી શરૂઆત કરી આજની તારીખમાં એક મોઅતબર જમાતના સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. અઝા-એ-હુસૈન ના સાલાના મિજાલીસોના પ્રોગ્રામે અમારી ઈજ્જત માં વધારો કરેલ છે. બહારના મોઅમેનીન અને મોહીબ્બાને હુસૈન અ.સ. ના દિલોમાં "હુસૈની ટેકરી કાણોદર' એક આસ્થાના સ્થળ તરીકે વસી ગયેલ છે. આ હુસૈની ટેકરી ની સંગે બુનીયાદને દસ દાયકા નો માતબર સમય વિત્યા છતાં જાણે ગઈ કાલેજ બનેલા ઈતિહાસ ની જેમ તાજી વાત છે. અમારા એક શતાબ્દિના ઈતિહાસને મોઅમેનીન સમક્ષ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ. વિખરાયેલી યાદોના મોતીઓને સીલસીલા બંધ સંકલન કરવામાં જે જે ભાઈઓએ સાથ સહકાર આપેલ છે તેમનો આભાર અને તેઓની તૌફીકાત માં અલ્લાહ વધારો કરે તેવી નમ્ર દુઆ સાથે વિરમીએ છીએ.

વસ્સલામો અલયકુમ વરહમતુલ્લાહે વ બરકાતો.

# સય્યદુશ્શોહદા ઈમામે હુસૈન અ.સ.ના રોઝા મુબારકની શબીહનું વિસ્તરણ

હુસૈન ટેકરીના પ્રાંગણમાં જ. ઝયનબ સલામુલ્લાહનો રોઝામુબારક તથા બાબુલ મુરાદ હ. અબ્બાસ અ.સ.નો રોઝો મુબારક શાનદાર અને વિશાળ સેહન સાથે ના છે. જયારે જ. સેયદુશ્શોહદા ઈમામે હુસૈન અ.સ. ના રોઝાની શબીહ મુબારકનું વિસ્તરણ કરવાનું કેટલાય સમયથી વિચારણામાં હતું. અને અહીં ઝીયારત અર્થે આવતા ઝાએરીન હજરાત પણ અવારનવાર સુચન કરતા હતા. આ વાતને જમાતની ગત સામાન્ય સભામાં રજૂ કરી રોઝા મુબારકનું વિશાળ સેહન સાથેનું વિસ્તરણ કરી શાનદાર શબીહ બનાવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે. જે અન્વયે પ્લાન એસ્ટીમેટ મોડેલ વિગેરે તૈયાર કરવાનું કામ અમલમાં મૂકાઈ ગયેલ છે. આગામી અઝાએ હુસૈનના પ્રોગ્રામમાં ઈન્શાઅલ્લાહ મોઅમેનીન ભાઈઓ સમક્ષ રજુ કરવાનો ભરપુર પ્રયત્ન છે.સર્વે અઝાદારાને હુસૈન અ.સ. પાસેથી ઉદાર નાણાંકીય સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

ટ્રસ્ટી મંડળ
એન.એમ.એમ. હુસૈન ટેકરી ટ્રસ્ટ,
કાણોદર.

વ્યવસ્થાપક કમીટી,
શીઆ ઈસ્નાઅશરી મોમીન જમાત
કાણોદર.

# શીયા ઈશ્નાઅસરી મોમીન જુમાતના ટ્રસ્ટીશ્રીઓ/હોદ્દેદારોની યાદી

જ. હાજી ગુલામઅલી એમ. માકણોજીયા - મેનેજીંગ ટ્રસ્ટી

જ. હાજી મહંમદહુસૈન વી. કડીવાલા (પારસી)-ટ્રસ્ટી
જ. હાજી અબુલહુસૈન એન. સુણસરા - ટ્રસ્ટી
જ. હાજી અબુલકાસીમ એમ. ચૌધરી-ટ્રસ્ટી
જ. હાજી મહેંદીહુસૈન એચ. મોદી -ટ્રસ્ટી

| | |
|---|---|
| જ. હાજી મહંમદભાઈ વલીભાઈ શેલીયા | પ્રમુખ |
| જ. હાજી વજીરભાઈ વલીભાઈ મુખી | ઉપપ્રમુખ |
| જ. હાજી અલીહુસૈન આર. મોમીન | સેક્રેટરી (વહીવટી) |
| જ. હાજી અહમદહુસૈન વી. શાહુ | સેક્રેટરી (નાણાં) |

| | |
|---|---|
| જ. હાજી હુસૈનભાઈ એ. પલાસરા - | ચેરમેન મસ્જીદ/ચાંદ કમિટી |
| જ. અહમદહુસૈન એચ. સુણસરા (પટેલ) | સભ્ય '' |
| જ. અહમદભાઈ એ. ચારોલીયા | '' '' |
| જ. હસનભાઈ એન. ચૌધરી | '' '' |
| જ. રજબઅલી એન. નાથા | '' '' |

| | |
|---|---|
| જ. હાજી મોહંમદભાઈ ડી. શાહુ | ચેરમેન ખેતી કમિટી |
| જ. મોહમદભાઈ વી. કુગશીયા | સભ્ય '' |
| જ. સાદીકઅલી હસનઅલી માંકણોજીયા | '' '' |
| જ. મોહંમદઅલી એચ. શેરશીયા | '' '' |
| જ. હાજી ગુલામઅલી એમ. મલપરા | '' '' |

| | |
|---|---|
| જ. હાજી ગુલામઅલી એન. જુણકીયા - | ચેરમેન તાલીમ કમિટી |
| જ. હાજી અમીરઅલી એચ. સુણસરા | સભ્ય '' |
| જ. તાહેરઅલી એ. મુસા | '' '' |
| જ. હાજી રાજાભાઈ નુરમદ ચૌધરી | '' '' |
| જ. હાજી મહંમદભાઈ નુરભાઈ થરાદરા | '' '' |

| | |
|---|---|
| જ. હુસૈનઅલી અલીમદ વકાલીયા | ચેરમેન. મદ્રેસા કમિટી |
| જ. મોહંમદહુસૈન જી. ચૌધરી | સભ્ય '' |
| જ. વલીભાઈ ફતુભાઈ મરેડીયા | '' '' |
| જ. હસનઅલી અલીમદ ચૌધરી | '' '' |
| જ. હાજી અલીમદ સાવદી ઉમતીયા | '' '' |
| જ. હાજી અલીમહંમદ વી. ઉમતીયા | '' '' |

| | |
|---|---|
| જ. ફઝલેઅલી એમ. ગની | ચેરમેન હુ.ટે.કમિટી |
| જ. અકબરઅલી એમ. સુણસરા (દરિયા) | સભ્ય '' |
| જ. અસગરઅલી મહંમદભાઈ નાથા | '' '' |
| જ. હાજી ઝુલફીકાર જી. માંકણોજીયા | '' '' |
| જ. સાદીકભાઈ જાફરભાઈ અધારીયા | '' '' |

**બીસ્મીલ્લાહિર્રહમાનીર રહીમ.**

**અલહમ્દો લિલ્લાહિ રબ્બીલ આલમીન સુમ્મસ્સલાતો વસ્સલામો અલા અશરફીલ અમ્બીયાએ વલ મુરસલીન વ આલેહીત્ત-તય્યબીન-ત્તાહેરીન વ લઅનતુલ્લાહે અલા આદાએહી અજમઈન અમ્મા બાદ.**

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં આવેલ કાણોદર ગામનો ઈતિહાસ ૯૦૦ વર્ષ પુરાણો છે. હાથ વણાટના ઉચ્ચ કસબને લઈને તેને બનાસકાંઠાના માન્ચેસ્ટરના નામે પણ ઓળખવામાં આવતું હતું. સાહસિક અને ઉદ્યમી ગામ તરીકેની આગવી ઓળખ હતી. ગામના લોકો સાહસવૃત્તિ ધરાવતા અને નવીન વિચારસરણી માટે પ્રખ્યાત હતા. આવી આગવી ઝંખનાના પરિણામે કાણોદરના લોકો દેશના ખૂણે ખૂણામાં વેપાર અર્થે- ધંધાર્થે ફેલાવા લાગેલ. વધુ પ્રમાણમાં મુંબઈ ખાતે સ્થિર થયેલ. મોમીન ભાઈઓ તે વખતે શીયા જાફરી વિચારસરણી ધરાવતા હતા. અને મઝહબનું આંધળુ અનુસરણ ન કરતાં દરેક બાબતે વિચાર કરીને તેને ચર્ચાની એરણ ઉપર મૂકીને ઊંડું ચિંતન કરીને જ તેને સ્વીકારવાનો મત ધરાવતા હતા. મુંબઈના તેઓના વસવાટ દરમ્યાન દિવસે ધંધામાં વ્યસ્ત રહેતા અને રાત્રે દૂધ બજારની પેઢી પર એકઠા થઈ પીર મશાયખ બાવાની કિતાબો વાંચતા, મનન કરતા, ગુઢાર્થોનો અભ્યાસ કરતા - એકબીજા સાથે પરામર્શ કરતા - મૌલાનાઓ - ઈસ્નાઅશરી ખોજા ભાઈઓ સાથે ચર્ચા વિચારણા કરતાં. તેના પરિણામ સ્વરૂપે મોમીન ભાઈઓ નક્કર નિષ્કર્ષ પર આવ્યા કે પીર સાહેબનો સ્પષ્ટ અકીદો મઝહબે ઈસ્નાઅશરીનો હતો.

**સાચા મઝહબના અકીદાની જાહેરાત**

આમ સાચા મઝહબનો અકીદો તથા મઝહબે હક્કનો પવિત્ર રસ્તો સ્પષ્ટ અને નુમાયા દેખાવાથી તેઓ મુંબઈ સ્થિત ખોજા ભાઈઓ સાથે ઘનિષ્ઠ પરિચય કેળવી મઝહબી ચર્ચાઓ કરી મજલિસોમાં દીલી શીરકતથી અઝાદારીમાં તન-મન અને ધનથી માતમ વિગેરેમાં સંપૂર્ણ હાજરીના કારણે મઝહબમાં લુત્ફ વધવા માંડયો અને મક્કમ ગતીએ મઝહબ તરફનું પ્રયાણ શરૂ થયું. અલ્લાહની મરજી અને માસુમીન અ.સ.ની ખુશી સામેલ થતાં તેઓના દીલો ઈમાનની રોશનીથી ઝળહળી ઊઠયાં.

હિંમતે મર્દા તો મદદે ખુદાના આધારે તા. ૧૧-૦૩-૧૮૯૯ ના મુબારક દિવસે મુંબઈ ખાતે ખેતવાડીની પહેલી ગલીમાં નવા ઈસ્નાઅશરી થનાર મોમીન ભાઈઓએ મજલીસ અને મહેફીલના ભવ્ય કાર્યક્રમનું આયોજન હાથ ધરી અહલેબૈત અ.સ.ની શાનમાં શેરો-શાયરી બાદ હ.ઈ. હુસૈન અ.સ.ની અઝાદારીની મજલીસ બાદ સર્વે મોમીન ભાઈઓ ફરિશ્તાઓની હાજરીમાં મઝહબે હક્કા - સાચા મઝહબના અકીદાની માન્યતાની જાહેરાત કરી (અલ્લાહુમ્મા સલ્લે અલા મહંમદ-વ-આલે મહંમદ)

આ સઘળા મીશન પાછળ એક મર્દે મુજાહીદ નામે જનાબ વજીરભાઈ કમાલભાઈ દૂધવાલા (સુણસરા)ની જાતે ગીરામી હતા. જેઓ અન્ય મોમીન ભાઈઓને નૈતિક હિંમત તન- મન અને ધનથી આપેલ હતી. મજલીસ અને મહેફીલના બાની હતા. તેમની હુંફ ઘણા ભાઈઓને મઝહબ ઉપર આવવા માટેની હતી. અલ્લાહ તબારક - વ - તઆલા આ મર્દે મુજાહીદ સૈનિકોની ખીદમતને કબુલીયતનો દરજ્જો આપે. અને તેમની રૂહને આલા ઈલ્લીયીનમાં જગા આપે તેમની કબર ઉપર રહેમતના ફૂલ નાઝીલ થાય. (આમીન)

આ જાહેરાતની વાતો વહેતી વહેતી વતનની ફીજાઓમાં ગુંજવા લાગી અને મુજાહેદીનના તકલીફના કાળની શરૂઆત થઈ. તેઓના કાણોદર મુકામે આગમનની જ રાહ જોવાતી હતી. વતન હતું. એટલે આવ્યા વિના તો છૂટકો ન હતો. વળી કઈ ગુનો તો કર્યો ન હતો. કે આ વિરલાઓને કંઈ નામોશીનો એહસાસ હોય. ઉલટાનું તેમના ચેહરા પર હક મઝહબ પ્રાપ્ત થયાનો સંતોષ અને આનંદની ઝલક હતી. એસીડ-ટેસ્ટના પ્રથમ પગલામાં જૂની જમાતના બંધારણ વાહીયાત અને શરીયતી કાનુનોથી તદ્દન ઉલટું હતું જેને માનવાની આ પહાડની જેમ અડગ અને મક્કમ મુજાહીદોએ ના પાડી એટલું જ નહી સહી કરવાની ઘરાર ના પાડી દીધી. અને જૂની જમાતથી છેડો ફાડવાની બાંગ પુકારી જમાતના વડીલો પ્રથમ સમજાવટ અને શાણપણથી કામ હાથમાં લીધું જેમાં સફળતા ન મળતાં શામ - દામ - દંડ અને ભેદના

બધાં જ હથીયારોનો ઉપયોગ કરી છૂટયા. દિકરાને મા-બાપથી ભાઈને ભાઈથી બહેનથી વિખૂટા પાડવાનો ઝઘડાવવાનો કીમયો અજમાવ્યો. દિકરા દિકરીના સગપણ ફોક કરવાની લાલ બત્તી ધરવામાં આવી. ટૂંકમાં આ પક્ષે ત્રાસ આપવાના કિમીયા અજમાવવામાં આવતા. જેનો આ ઈમાની ભાઈઓ ધૈર્યથી સામનો કરવા લાગ્યા. યાતનાઓની આગની તપીશ ઈમાન રૂપી કંચનને અતિશુધ્ધ અને પ્રકાશિત બનાવતી ગઈ અને અંતે... કાંટાળી કેડીમાંથી સહી સલામત પસાર થઈને નીચે દર્શાવેલ **૧૭ મોમીન** ભાઈઓ પોતાનો સાચા મઝહબનો અકીદો જાહેર કરી જૂની જમાતના બંધારણનો સરેઆમ વિરોધ કરતો પત્ર **તા. ૧-૧૧-૧૯૦૦** ના રોજ જમાતને પહોંચતો કર્યો.

(૧) મર્હુમ વજીરભાઈ કમાલભાઈ દૂધવાલા (સુણસરા)

(૨) મર્હુમ પ્યારજી વજીરભાઈ દૂધવાલા (માણસીયા)

(૩) મર્હુમ અલીમદ વજીર શાહુ

(૪) મર્હુમ ડોસન વજીર મલપરા

(૫) મર્હુમ વલીભાઈ રાજેમદ ઉમતીયા

(૬) મર્હુમ મીયાંજી વજીર ઈસબ

(૭) મર્હુમ કરીમદ નુરમદ સુણસરા

(૮) મર્હુમ ડોસનભાઈ વલી માંકણોજીયા

(૯) મર્હુમ જમાલભાઈ કરીમદ મલપરા

(૧૦) મર્હુમ વજીર નુરમદ સુણસરા

(૧૧) મર્હુમ ફતુ જીવા ઉમતીયા

(૧૨) મર્હુમ વજીરભાઈ રાજેમદ જીવણા

(૧૩) મર્હુમ અહમદઅલી નાથુ માણસીયા

(૧૪) મર્હુમ ફતુભાઈ જીવા સુણસરા

(૧૫) મર્હુમ મહંમદઅલી કરીમદ ચૌધરી

(૧૬) મર્હુમ મહંમદઅલી નુરમદ ઉમતીયા

(૧૭) મર્હુમ વજીરભાઈ વલી સુણસરા

આ મોમીનોએ હક મઝહબ ઈખ્તીયાર કર્યા બાદ સંતુષ્ટ ન થતાં તેના પ્રચાર અને પ્રસાર માટે તન-મન-ધનથી પ્રયત્ન આદર્યો. અને નિરંતર આજ કામમાં જ વ્યસ્ત રહેવા લાગ્યા. જૂની જમાતના સત્યશોધક ભાઈઓને પીછાણતા અને તેવા મિત્રો સાથે વ્યકિતગત કે જાહેર રીતે ચર્ચા/પરામર્શના આયોજન થવા લાગ્યા તથા જાહેર અને બાતીની રીતે મઝહબે હક્કાનો ફેલાવો જારી રાખ્યો, પરિણામ એ આવ્યુ કે તા. ૧-૧૧-૧૯૦૦ ના શુભ દિને નવા સત્તર કુટુંબો જૂની જમાતમાંથી અલગ પડી શીયા ઈસ્નાઅસરી મઝહબનો અકીદો જાહેર કર્યો. કહેવાતા મજબૂત ગઢના કાંગરાં ખરતાં જોઈ જૂની જમાતના વડીલોએ માનસીક અને સામાજિક ત્રાસની લગામ ટાઈટ કરી. અને નીતનવા નુસખા અપનાવવા લાગ્યા પરંતુ ‘‘**વો શમા**

**કયા બુઝે જીસે રોશન ખુદા કરે''** નવા મોમીન ભાઈઓનો પ્રયત્ન જારી રહ્યો. અલ્લાહની હિદાયતનું નુર મળતું રહ્યું. અને હક મઝહબના પરસ્તારની સંખ્યા જુગ દરજુગ વધવા લાગી. મુંબઈવાસી કાણોદરના ભાઈઓ ગામના શીયા ભાઈઓને સઘળી રીતે મદદરૂપ થતા રહ્યા. ઈલ્મી નસીહતો, કિતાબોનું પીઠબળ, અઝાદારી માટેની રગબત, મજલીસો મહેફીલની શરૂઆત, માતમો તાજીયાદારી તથા અલમ મુબારકનું જુલુસ કાઢવાની હિંમત અને મઝહબી શોખ વધતો ચાલ્યો અને બીજી તરફ જૂની જમાતના ચુસ્ત હોદ્દેદારો અને અન્ય મેમ્બરો તરફથી તકલીફોમાં ઈજાફો અને મજલીસો અઝાદારી પર પથ્થરોનો વરસાદ વધવા લાગ્યો.

એકબાજુ સખ્તી વધતી ચાલી તો બીજી બાજુએ મોમીન ભાઈઓ ઘરોમાં બેસી ખુફિયા તૌર પર મજલિસો માતમો અઝાદારી ચાલુ રાખી, સખ્તીઓ હતી તેમ છતાં સામનો ન કરવાના મક્કમ નિર્ધારવાળા આશિકાને હુસૈન દુરદુર ખેતરોમાં જઈને મજલિસોનો દોર ચાલુ રાખ્યો.

**હુસૈની ટેકરી કેમ્પસનો ઈતિહાસ**

કાણોદર ગામના મોમીનો ઉલઝનમાં હતા અને વિરોધીઓ વિરોધ કરી રહ્યા હતા. જેથી ગામમાં અઝાદારી કરવાની શકયતાઓ જે તે વખતે નહીવત હતી. એવામાં માહે મોહર્રમની ૯મી તારીખ ઈ.સ. ૧૯૦૬માં માનનીય નવાબ સાહેબ તરફથી એક તાઝીયા અને અલમમુબારક અઝાદારી અર્થે મોકલવામાં આવ્યા. અને શાંતિ જોખમાય નહીં તે મકસદથી ડાંગીયાના હવાલદાર શ્રી જગતાજીને સાથે મોકલવામાં આવ્યા. તેઓના સહકારથી તાઝીયા અને અલમમુબારકનું પ્રથમ જુલુસ શી.ઈ.અ.મો. જમાત કાણોદરના મોમીન ભાઈઓ દ્વારા મોહર્રમની ૧૦મી તારીખ ઈ.સ. ૧૯૦૬માં જરી મુબારક સાથે ગામમાં ફેરવવામાં આવ્યું. જુલુસ પતી ગયા પછી માતમી દસ્તાઓ સાથે બહાર લઈ જઈને જનાબ નાથુ માંકણોજીયાના ખેતરમાં એક ટીંબા ઉપર (ઉંચાઈવાળી ટેકરીની જગા) તાઝીયા અને જરી મુબારક ઠંડા કરવામાં આવ્યા હતા. જયાં હાલ હુસૈની ટેકરી છે.

માનનીય નવાબ સાહેબના સહકાર અને નૈતિક હિંમતથી અઝાદારીની જે શરૂઆત થઈ તે નિરંતર ચાલુ રહી જેનો યશ અને સવાબ તેઓ સાહેબને ફાળે જાય છે. જનાબ નાથુ માંકણોજીયાના ખેતરની આ ટીંબાવાળી ટેકરીવાળી જગ્યા એટલી બધી મોંઅતબર અને બરકતવાળી સાબિત થઈ કે ત્યાં અવારનવાર પ્રસંગોપાત રોશની અને મોઅજીઝા થવા લાગ્યા.

જનાબ મર્હુમ મોમીન વલીભાઈ અલીમદ ચૌધરી પોતાની ઈ.સ. ૧૯૬૫ની નોંધપોથીમાં લખેલ છે કે ઈ.સ. ૧૯૬૫માં મારી ઉંમર ૭૨વર્ષની થઈ. આજથી ૫૬ વર્ષ પહેલાં હું ભર જવાનીમાં હતો એ અરસામાં એક રાત્રે ઉમરદેશી સ્ટેશનથી કાણોદર ગામમાં આવવા માટે હું મર્હુમ ડોસનભાઈ રાજેમદ કુગશીયા, મર્હુમ મીયાંજી અલજી હસનવાળા અને ઉમરદેશી ધંધાર્થે મકાન બનાવીને રહેતા જનાબ મર્હુમ હસનભાઈ ડોસન સલેમા સાથે રવાના થયો. રસ્તામાં મઝહબની જ વાતો થતી હતી અને કરબલાના રણમાં જે બનાવ બન્યો તેની યાદ તાજી કરતા હતા. જયારે અમો આ ટીંબાવાળી જગ્યા પાસે આવ્યા કે જયાં પ્રથમ તાઝીયા ઠંડા કરવામાં આવેલ તે જગા ઉપર અમો ચારે જણાએ અજીબો ગરીબ રોશની જોઈ. આ રોશની આસમાનથી ઉતરી આ ટીંબાની આજુબાજુ તવાફ કરી ફરી આસમાન તરફ જતી હતી. અમોને કુતુહલ થયું કે શું વાત છે કે આસમાનથી સિતારા ઉતરે છે. તેની તહેકીક કરવા અમો ત્યાં ગયાં પરંતુ કોઈ નઝર આવ્યું નહિ. ફરીથી અમો ચારે જણા દૂર ગયાં અને ફરીથી તેજ જગ્યાએ રોશની થવા લાગી. આ પ્રસંગથી અમોને અત્યંત નવાઈ લાગી અને વાતો વાગોળતા વાગોળતા ઘર તરફ રવાના થયાં. જતાં જતાં પાછું વળીને જોયું કે આ રોશનીનો તવાફ ચાલુ જ હતો. અમોએ ગામમાં આવી અન્ય મોમીન ભાઈઓને કાનમાં વાત નાખી અને બધાં મળી લગભગ ૨૦૦ માણસોનું ટોળું એ જગ્યાએ ગયું જયાં અમોએ રોશનીને તવાફ કરતી જોઈ હતી. પરંતુ અમોને કાંઈ નજર આવ્યું નહિ. જયારે જયારે અમારું ત્યાંથી આવવા જવાનું થતુ ત્યારે તે ટીંબા પાસે આવતા મૌલાને સલામ કરી લેતા એટલે સુધી કે જનાબ મર્હુમ હસનભાઈ ડોસનભાઈ સલેમા બોલી ઉઠતા કે ''હાજત બર આયેગી યે શાહ કે દરબાર મે, બસ માંગને કી દૈર હૈ શાહ કે દરબાર મેં'' આ મોઅઝીજાની ચર્ચા ગામમાં અને અતરાફમાં થવા લાગી. મુંબઈ મુકામે પણ મોમીન ભાઈઓને આ વાત ગોશગુજાર થઈ. અને આ મોઅઝીજાની ચર્ચા બેઠકોની ઝીનત થવા લાગી.

જનાબ હાજી વલી નાથુ દૂધવાળા (માંકણોજીયા) જૈ કૌમના શુભચિંતક હતાં અને સાહેબે ઈસ્તેતાઅત અને સખી હતા. મુંબઈથી કાણોદર આવ્યા ત્યારે આ મુબારક જગ્યાની ઝીયારત કરી સર્વે મોમીનોને દિલથી યકીન થઈ ગયું કે આ ટીંબા પર અમારા મૌલા ઈમામ હુસૈન અ.સ.નો છાયો છે. અને આ મુબારક જગ્યાની ઓળખ માટે ત્યાં ઓટલો બનાવી ચિરાગ અને અગરબત્તી કરવા લાગ્યા. જુમેરાત તેમજ જુમ્માના દિવસે મોમીન ભાઈઓ આ જગ્યા ઉપર આવવા લાગ્યા. મજલિસો, મુનાજાતો થવા લાગી અને અઝાદારોની આસ્થા આ જગ્યા સાથે જોડાઈ ગઈ. એટલું જ નહિ પરંતુ દરેક સારા નરસા, પ્રસંગોએ દરેક મોમીન ભાઈઓ ત્યાં ઝિયારત અર્થે જવા લાગ્યાં. આવા સ્થળે પોતાની મન્નતો લઈને ઘણાં ભાઈઓ ઝીયારત અર્થે આવતા તેમના રોકાણ અને વિસામાના સ્થળની જરૂરિયાત જણાતા કોમના બે સખી ભાઈઓ જેવા કે જનાબ મર્હુમ રાજેમદ ડાળીયા તથા જનાબ મર્હુમ ફત્તુ મેમદજી થરાદરાએ પદરના ખર્ચે બે ઓરડીઓ બનાવી મુસાફર ખાનાના નામે વકફ કરી. આ રૂમોને આજે પણ મુઝાવરની ઓરડી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**હુસૈની ટેકરીનું બાંધકામ**

સને ૧૯૦૯ થી એક દસકાના ગાળામાં સદર જગ્યાની શોહરત દિન પ્રતિદિન વધવા લાગી અને અતરાફમાંના મૌલાના આશિકોમાં પણ આ મોઅઝિમની ચર્ચાઓ થવા લાગી. જયારે બહુમતી ભાઈઓએ એક જરૂરિયાત પેશ કરી કે આ જગ્યાએ સૈય્યદુશ્શોહદા ઈમામ હુસૈન અ.સ.ના રોઝાની સબી બનાવવી. આ જરૂરિયાત અને તક ફીઝામાંથી ગુંજતા જ તે તક ઝડપી લઈ મર્હુમ જનાબ હાજી વલીભાઈ નાથુ દૂધવાળા (માંકણોજીયા) અને તેમની એહલીયા શરીકે હયાત મોહતરમા અમીનાબાઈએ રૂા. ૪૦૦૦/- આપી બાંધકામનું બિસ્મિલ્લાહ કરાવ્યું. રોઝાની સબીના બાંધકામ પર સુપરવિઝનની જવાબદારી જનાબ મર્હુમ મીયાંજી મેમદજી પટેલ (સુણસરા)એ સ્વીકારીને તેને સંપૂર્ણ કરવા સુધીના હિસાબ કિતાબ વગેરેનું કામકાજ પણ સંભાળેલ. ટૂંકમાં જનાબ હાજી વલીનાથુ દૂધવાળાના કુટુંબની માલિ ઈમદાદ, મોમીનોની મહેનત અને ભલી દુઆઓના તુફૈલથી સદર રોઝા મુબારકની સબીહ આશરે ઈ.સ. ૧૯૧૯ના વર્ષમાં પૂર્ણતાએ પહોંચી. આની શૌહરત અતરાફના શીયા ભાઈઓ અને ઈમામ અ.સ.ના ચાહક વર્ગમાં વાયુવેગે પ્રસરવા લાગી. મોમીનો ઝિયારત અર્થે અહીં આવવા લાગ્યા પોતાની મન્નતો નઝરો, મુરાદોને મૌલા સમક્ષ રજૂ કરતા અને દરેકની હાઝતો મૌલાના વસીલાથી પૂર્ણ થવા લાગી. સમયાંતરે જવ્વારોની તાદાદ વધવા લાગી અને માંગ મુજબ રોઝાની ફરતે સેહનમાં વધારો કરતાં કરતા જનાબ મોહંમદભાઈ વલીભાઈ સુણસરા (વકીલ)ના પ્રમુખપણા નીચેની કમિટિના સમયમાં એટલે ૧૯૯૦-૯૧ના વર્ષમાં માશાઅલ્લાહ ૧૦૦' x ૧૦૦' ફૂટની વિશાળ સેહનનું બાંધકામ હાથ ધરીને પૂર્ણ કરવામાં આવ્યું. સાથે સાથે બહારગામથી આવતા મૌલાના અઝાદારો અને જવ્વારોને રહેવા માટે અલાયદા રીતે સરાઈના રૂમોની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ પવિત્ર જગા ઉપર આજે પણ દેશભરમાંથી ઝાએરીન ઝિયારત અર્થે પોતાની મન્નતો લઈને આવે છે અને પોતાના દામનોને હાજતોથી ભરીને જાય છે.

હુસૈની ટેકરીની જમીન આશરે ૧૫ થી ૨૦ એકર નાથુભાઈ માંકણોજીયા અને નાટા માંકણોજીયાએ વકફ કરેલ છે. નાથુભાઈ માંકણોજીયાની પેઢીમાં જનાબ ગુલામભાઈ બકરી, અલીમહંમદ મહેતા, હસનભાઈ ફિદા વગેરે હતા. નાટા માંકણોજીયાએ શાદી કરી નહોતી. તેથી તેમની પેઢીમાં કોઈ હતાં નહિ.

હુસૈની ટેકરીના પ્રથમ મજાવર ફતેહઅલી વલીભાઈ પલાસરા (ઝવેરી) હતા.

**કેમ્પસનો વિસ્તાર અને વિકાસ**

મૌલા આપે આપના ભર્યા ઘરની, મઝહબની બકા માટે આહુતી આપી. નાનાના દિનને બચાવવા માટે પોતાના ભાઈ હજરત અબ્બાસ અ.સ., જવાન દીકરા અલી અકબર અ.સ. અને દૂધ પીતાં છ મહિનાના બાળક અલી અસગર અ.સ. કે, જે અતિ પ્યારા હતાં. તેમજ સર્વે એહલેબયતને અને જાંબાંઝ અસહાબોની કુરબાની આપી. પોતાના શરીરને હઝારો તીરો તલવાર સામે ધરી દીધું. મઝહબના મૂલ્યોના રક્ષણ કાજે અને તેની કાયમી બકા માટે પોતે ફના થવું પસંદ કર્યુ. શાયરના શબ્દોને દસ્તબસ્તા વિનંતી સહ બદલીને પેશ કરીએ છીએ કે ''ઈસ્લામ જિંદા હો ગયા બસ કરબાલ કે બાદ''

આપનું નામ મુબારક અલ્લાહ અને તેમના હબીબના નામને સાથે લેવાવું શરૂ થયું. અને સુબ્હે કયામત સુધી લેવાશે. ફિઝામાં આપના નામનો જયજયકાર ગુંજી રહ્યો છે. આપનો રોઝો ન ફકત કરબલાએ મોઅલ્લામાં જ આબાદ થયો, પરંતુ કરીયા-બકરીયા શહેર બશહેર આપના રોઝાની શબીહ બનાવીને અઝાદારો અકીદતના ફૂલ ચઢાવી રહ્યા છે.

દસ હજારથી પણ ઓછી જનસંખ્યા ધરાવતું એક ગામ પણ મૌલા આપના પાવન રોઝાઓની શબીહના કારણે દુનિયાના નકશા ઉપર હુસૈની ટેકરીના પર્યાયથી પ્રખ્યાત થઈ ગયું લંડન, અમેરિકા, કેનેડા, આફ્રિકા વગેરે અનેક દેશોમાંથી આવતા મોમીન ભાઈ-બહેનો પોતાના સમયમાંથી થોડો સમય કાઢીને હુસૈન ટેકરી પર ઝિયારત અર્થે આવ્યા વિના રહી શકતા નથી. આ જગ્યા એક જંગલ હતું. જેને આપે જંગલમાંથી મંગલ બનાવી એટલી હદે આબાદ કર્યું કે ગામ ઝાંખું લાગવા માંડયું. પ્રથમ તબક્કામાં મર્હુમ જનાબ હાજી વલીભાઈ નાથુભાઈ માંકણોજીયાએ પોતાનું ખેતર વકફ કર્યુ. તેમના પગલે પગલે અન્ય ખેતરો વકફ મળવા લાગ્યા. મૌલા અબ્બાસ અ.સ.ના રોઝા મુબારકની સબીહ મુબારકવાળી જગ્યા પાશેરીયા કુંટુંબ અને ઠેબા કુટુંબના મોમીન ભાઈઓએ વકફ આપી દીધી છે. તેજ રીતે અઝાદારોને રહેવા આરામ કરવા રૂમોની જરૂરિયાત જણાતાં વડલા પાસે બે રૂમો માટે જનાબ ગુલામઅલી વજીરભાઈ માંકણોજીયા (બકરી) એ ડોનેશન આપેલ. જરૂરિયાત જણાતા અતરાફના ખેતરો ખરીદવા માટે કૌમના સખી નામી-અનામી વેપારી ભાઈઓએ ડોનેશન આપ્યું.

**અઝાએ હુસૈન અ.સ.ના પ્રોગ્રામની શરૂઆત**

૧૯૬૩-૬૪ના વર્ષમાં મુંબઈ-અમદાવાદ અને અન્ય સ્થળોએ વસતા શીયા ઈસ્નાઅશરી અકીદો ધરાવતા મોમીન ભાઈઓ ઈત્તેહાદના ભાગરૂપે ''જાફરી ફેડરેશન''ની રચના કરેલ અને સદર ફેડરેશનનું વાર્ષિક અધિવેશન પ્રતિવર્ષ એક એવી જગ્યાએ રાખવાનું વિચારવામાં આવેલ કે જે બધી સગવડતાઓ સાથેની અને વિશાળ જગ્યા હોય. ઘણા બધા સ્થળોની મુલાકાત બાદ ''હુસૈની ટેકરી કાણોદર'' પર સર્વાનુમતે પસંદગી ઉતારવામાં આવી અને બોહળા પ્રચાર બાદ સને ૧૯૬૪માં ''જાફરી ફેડરેશનનું'' ત્રણ દિવસીય પ્રથમ વાર્ષિક અધિવેશન રાખવામાં આવેલ. સદર અધિવેશનમાં મજાલીસોના પ્રોગ્રામ સાથે કૌમની સામાજિક શૈક્ષણિક અને આર્થિક વિકાસના અનેક પાસાઓની પણ ચર્ચા કરવામાં આવેલ અને તેના નક્કર અમલીકરણની યોજનાઓ વિચારમાં આવી. ત્યારથી આજ દિન સુધી પ્રતિવર્ષે અઝાએ હુસૈનના ૩/૪ દિવસીય પ્રોગ્રામોનું સફળ આયોજન કરવામાં આવી રહેલ છે. જેને આજે પણ ફેડરેશનના નામે ઓળખવામાં આવે છે.

પ્રાથમિક તબક્કે નીચેના મૌલાનાઓ અને મોમીન ભાઈઓ પાયોનીયર તરીકે સદર જાફરી ફેડરેશનના પ્રોગ્રામને શરૂ કરી વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવેલ. જેઓ પૈકી મહત્તમ મૌલાનાઓ મોમીન ભાઈઓ આ ફાની દુનિયાનો ત્યાગ કરી આલમેબકામાં આરામ ફરમાવી રહેલ છે.

**ઝાકેરીને કેરામ**

(૧) મૌ. સૈ. મર્હુમ અબ્બાસ રીઝવી સાહેબ (આ. મ.)

(૨) મૌ. સૈ. મર્હુમ ગુલામ અસ્કરી સાહેબ (આ.મ.)

(૩) મૌ. સૈ. મર્હુમ તાહેર જરવલી સાહેબ (આ. મ.)

(૪) મૌ. શેખ મર્હુમ ફૈયાઝહુસૈન વલીદપુરી (આ.મ.)

(૫) મૌ. શેખ મર્હુમ મોહંમદ હૈદર સાહેબ (શેરેતબ્લીગ આ.મ.)

(૬) મૌ. મીરઝા મોહંમદ અત્હર સાહેબ (કીબ્લા)

**વહીવટદારો તથા ડોનર્સ**

(૧) જનાબ અલ્હાજ મર્હુમ બચુકાકા કોલસાવાળા

(૨) જનાબ અલ્હાજ મર્હુમ રોશનભાઈ કોલસાવાળા

(૩) જનાબ અલ્હાજ મર્હુમ ચાંદભાઈ લલ્લુભાઈ ચટાઈવાલા

(૪) જનાબ અલ્હાજ મર્હુમ અબ્દુર્રહીમ મોમીન (વસોવાળા)

(૫) જનાબ અલ્હાજ મર્હુમ અસગરભાઈ વાડીયા

(૬) જનાબ અલ્હાજ મર્હુમ હસનઅલી મરચંટ

(૭) જનાબ અલ્હાજ મર્હુમ પંજુ શેઠ

(૮) જનાબ અલ્હાજ મર્હુમ કે. સી. ઈબ્રાહીમ

(૯) જનાબ અલ્હાજ આબીદભાઈ લાઈટવાળા

કાણોદર જમાઅતના જે તે વખતના અસંખ્ય વહીવટદારો ડોનરો અને મુખલીસ સેવા કરવાવાળા નામી અનામી સાહેબોના નામથી યાદ કરવામાં આવે તો પાનાં ભરાઈ જાય. તેથી સ્થળનો હિસાબ કરતાં ટુંકાવીને સર્વેના નુમાયા કાર્યોનો આ સમયે ઊંડા આભારની લાગણી સાથે દુઆગો છીએ કે સર્વેની તોફીકાતમાં અલ્લાહ તબારક વ તઆલા વધારો કરે અને જેઓ આ ફાની દુનિયાથી કુચ કરી ગયા છે તેઓને રબ્બેરહીમ આલા ઈલ્લીયીન અતા કરે (આમીન)

સને ૧૯૬૩-૬૪ થી શીયાજાફરીએ શરૂ કરેલો મજલીસનો ચાર દિવસનો અઝાએ હુસૈનનો કાર્યક્રમ આજ દિન સુધી કાયમ છે રફતા-રફતા અઝાદારોનો પ્રવાહ વધતા નાનામાંથી એક મોટો પિંડાલ કાયમ થઈ ગયો અને સમય આવતા તેના ઉપર છપ્પર પણ લાગી ગયું. જેમાં મોટો ફાળો અમેરિકા નિવાસી જનાબ અકબરભાઈ રાજમહંમદ સુણસરા (ઝેણી) તરફથી મળેલ છે. અઝાદારોને સમાવવા માટે હુસૈની ટેકરીની સામે કુલ ૧૬ રૂમોની સરાઈ પણ જોતજોતામાં તૈયાર થઈ ગઈ અને ઝિયારત અર્થે આવતા મોમીનો માટે રહેવાની માકુલ અને મોકળાશવાળી જગ્યાનું આયોજન થઈ ગયું આ બધું જ માલિકની મહેરબાની માસુમીન અ.સ.ના વસીલા અને આશિકાને હુસૈનના માલિ તાઅવ્વુન અને ભલી દુઆઓના પ્રતાપે જ બનવા પામ્યું છે. રોઝા ઉપર આવતા ઝાએરીને કેરામ નઝરો નિયાજના પૈસા ભંડારમાં ઉતારે છે. તે તમામ ફંડનો ઉપયોગ આ કેમ્પસના વિકાસ અર્થે જ કરવામાં આવી રહેલ છે. એટલે સર્વે અઝાદારો આ સવાબના હકદાર છે. કોઈ શાયરે બિલકુલ ઠીક જ કહ્યું છે કે :-

**''જાંનીસારોં ને તેરે કર દીયે જંગલ આબાદ,**

**ખાક ઉડતી થી જહાં શહીદાને વફાસે પહેલે''**

હુસૈની ટેકરી ઉપર અમદાવાદવાળા હાજી અમીરઅલી ભાઈ ડોસાણી (ખોજા) તરફથી મસ્જિદ પણ બાંધવામાં આવી છે. તેનો કુલ ખર્ચ તેઓએ એકલા એ જ ભોગવેલ છે. મસ્જિદના બાંધકામનું સુપરવિઝન જનાબ મોમીન ગુલામભાઈ ધોળકાવાળા કરતા હતા.

**અબ્બાસ ટેકરીનું બાંધકામ :**

મૌલા હુસૈન અ.સ.ના રોઝાની સબીના બાંધકામ બાદ મોમીનોનો ઘસારો વધવા લાગ્યો. લગભગ દરરોજ સાંજના ઝિયારત અર્થે જવું અને નમાજે મગરેબૈન અદા કરીને ઘરે આવવું તથા જુમેરાતે સાંજે તો મહત્તમ સંખ્યામાં

મોમીન ભાઈઓ અને બહેનોનો હુઝુમ રોઝા મુબારક પર રહેતો. શબે જુમ્મા મજલીસો, અઝાદારી અને દુઆના પ્રોગ્રામની બા-કાયદા એક રસમ જારી થઈ ગઈ. તે મૌલાની બરકતોથી આજદિન લગી બરકરાર છે.

એ અરસામાં ઘણા મોમીન ભાઈઓ સાંજે ઝિયારત અર્થે જતાં અને નમાઝે મગરેબૈનમાં હુસૈની ટેકરીની સામેની ટેકરી પર પણ મોઅજીઝા નિહાળતા. ઘણાં મોમીનોએ તો હુસૈની ટેકરીથી નીકળીને ત્યાં સુધી તશરીફ લઈ જતા બુઝુર્ગ હસ્તીઓને પણ પોતાની નરી આંખે જોયેલ હતો. પરિણામ સ્વરૂપે તે સામેની ટેકરી ઉપર શરૂઆતમાં સને ૧૯૩૫-૩૬ની આસપાસ એક ઓટલા જેવી જગ્યા બનાવી ત્યાં અલમ મુબારક રાખવામાં આવતો અને ચિરાગ અગરબત્તી કરી મજલીસો અને અઝાદારી શરૂ કરવામાં આવી. સદર જગ્યા એક ટેકરી ઉપર હોઈ તેને અબ્બાસ ટેકરીના નામે ઓળખવામાં આવી.

તેની આજુબાજુ સેહનની જરૂરિયાત જણાતાં સને ૧૯૪૫ની આસપાસમાં રોઝાની જગ્યાનો ઘેરાવો નક્કી કરીને આસપાસના સેહનને પાકું ચણતર કરીને કહેવાય એવી નાની જગા તૈયાર કરવામાં આવી.

જયારે ઓલ ઈન્ડિયા શીયા જાફરી ફેડરેશનની સ્થાપના બાદ વાર્ષિક મજલિસોનો પ્રોગ્રામ કરવા માટે જરૂરી સગવડો અને મોકળાશવાળી જગ્યાની શોધ કરતાં કરતાં ફેડરેશનને હુસૈની ટેકરીવાળી બા-બરકત જગ્યા ઘણી પસંદ આવી ગઈ. અહિનાં મોમીનોની પુર ખુલુસ સેવાઓ વિગેરેથી મુતાસ્સીર થઈને સને ૧૯૬૩ થી અઝાદારીનો પ્રોગ્રામ ચાલુ કરવામાં આવ્યો. જેમાં ઘણાં જ મોમીન ભાઈઓ હિન્દુસ્તાનના ખૂણે ખૂણાથી આવવા લાગ્યા અને આ જગ્યાની બરકતોથી ફૈઝયાબ થવા લાગ્યા. તે દરમિયાન સને ૧૯૬૪ દરમિયાન જનાબ સૈયદ ઈકરામ હાસ્મી આઝમી (આઝમગઢ) પણ અઝાદારીના પ્રોગ્રામમાં આવેલ અને હુસૈની ટેકરી અને અબ્બાસ ટેકરીની આ મુબારક જગ્યાની ઝિયારત કરી વિદાય વખતે મૌલા અબ્બાસના કુબ્બા (કાચો રોઝો) સમક્ષ આવીને દુઆ ગુજારીને મન્નત કરી કે જો મૌલાની દુઆથી મારી મીઠા પેશાબની બિમારીથી જો અલ્લાહ સીફા આપશે, તો આ જગ્યાએ હુસૈન ટેકરી જેવો જ મૌલા અબ્બાસના રોજાની શબીહ બનાવીશ.

મૌલાની નઝરો કરમથી તેઓની બિમારી શીફા થઈ ગઈ અને વાયદા મુજબ મૌલા અબ્બાસના રોઝાની સબી બનાવવા માટેની મંજૂરી અને ખર્ચનો અંદાજ માંગતો પત્ર જમાત પાસેથી મંગાવી અને જનાબ મર્હુમ હાજી અબ્દુલહુસૈન વલીભાઈ સુણસરા (ઠેબા) દ્વારા જમાતને પૈસા મોકલી કામ ચાલુ કરાવવા કહ્યું. રકમ આવતા રોઝામુબારકના બાંધકામની શરૂઆત સને ૧૯૬૫માં કરવામાં આવી અને ૧૯૬૬માં રોઝાની શબીહનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું. આ કામનું સુપરવિઝન અને હિસાબ કિતાબની એક અહમ જવાબદારી મર્હુમ હાજી વલીભાઈ નુરમદ સુણસરા (ઠેબા) એ અદા કરી.

સદર બાંધકામમાં એસ્ટીમેટથી ખર્ચ વધી જતાં જમાતની મૂંઝવણ દુર કરવા બાકીનું ડોનેશન મર્હુમ હાજી હસનઅલી નુરભાઈ મોદીએ આપ્યું એટલું જ નહિ. પરંતુ કનીજે ફાતેમા કમિટિ, કાણોદરે સેહનમાં પથ્થર પાથરવામાં અને બહારની પાણીની સબીલના બાંધકામમાં માતબર રકમનું ડોનશન આપીને મૌલા અબ્બાસના રોઝા મુબારકને સૈય્યદુલ શોહદાની રોઝાની સબીહ જેવો જ તૈયાર કરવામાં ફાળો આપ્યો.

સમયાંતરે જરૂરિયાત મુજબ રોઝા મુબારકની સેહનને વિસ્તારવા માટે સને ૧૯૯૫માં જનાબ હાજી અમીરઅલી ડોસાણી (અમદાવાદના) ખોજા વેપારીએ રૂા. ૧,૦૦,૦૦૦/- ડોનેશન આપીને સેહનનો વિસ્તાર વધારવાનો સાથ સહકાર આપ્યો.

આ મુબારક જગ્યાએ પણ ઝાએરીન ઝિયારત અર્થે આવે છે. અને બાબુલ-મુરાદ મૌલા અબ્બાસ અ.સ. તેઓના દામનને હાજતોથી ભરી આપે છે.

**જનાબે ઝયનબ અ.સ.ના રોઝાનું બાંધકામ**

બંને ભાઈઓના રોઝા મુબારકની સબીઓ બનાવવામાં આવી અને અતરાફના ઝાએરીન હજરાત બા-કાયદા પ્રસંગોપાત ઝિયારત અર્થે આવતા હુસૈની ટેકરી મુકામે રોકાણ કરતા, સુખ દુઃખની વાતો અને વિચારોની આપ-લે કરતાં તે મોઅમીનોમાં મર્હુમ બચુભાઈ નુરભાઈ કોલસાવાળા (ખોજા, અમદાવાદ) તથા મર્હુમ કાબાઓ કિબ્લા સૈયદ હસન નવાબ સાહેબ વગેરે બુઝુર્ગોએ ખાસ ભારપૂર્વક જનાબે ઝયનબ અ.સ.ના રોઝાની સબીહ બનાવવા માટે આહવાન આપેલ આ વિચારોને જમાતના વર્કિંગ કમિટિના સભ્યો અને અન્ય ઉત્સાહી બુઝુર્ગો સમક્ષ ચર્ચામાં મૂકવામાં આવ્યા અને રોઝાના બાંધકામની બાબતને મોઅમીનોમાં તરતી મૂકવામાં આવી. કામ એહમ હતું. ખર્ચનો અંદાજ પણ મોટો હતો. પરંતુ ઈરાદો મોહક્કમ હતો. જે રોઝાના બાંધકામ માટેનો એક મોટો ફોર્સ પૂરો પાડયો. મોઅમીનો અને મોઅમીનાત દિલો જાનથી સાથ સહકારની ખાત્રી આપી અને તે અંગેના ડોનેશનની પણ શરૂઆત કરવામાં આવી. શેહઝાદી ઝયનબ સલામુલ્લાહના રોજાની સબીહ બનાવવાની છે તે અંગેની વાત ગુજરાતમાં અને બિલ-ખુલુસ ગુલબર્ગા, ભોપાલ, મુંબઈ વસતા ઈરાની ભાઈઓના કાને પહોંચતા તેઓ તરફથી ડોનેશનના ઝરણાં વહેવા લાગ્યા.

જમાતની વર્કિંગ કમિટિની મીટીંગમાં સને ૧૯૮૦ની સાલમાં આલીશાન રોઝાની તામીરનો નિર્ણય લેવાયો અને આશિકાને ઈમામ અને જનાબે ઝયનબ સ.અ.ની કનીઝો તરફથી ડોનેશનનો પ્રવાહ નિરંતર વહેવા લાગ્યો. ભાઈની શયદા પોતાના ભાઈના ગમમાં અને આપની શહાદત બાદ, મઝહબના પ્રચારમાં પોતાની જિંદગીના છેલ્લા શ્વાસ સુધી નિરંતર પ્રયત્નશીલ રહેલ. તેમની યાદમાં આ શાહજાદીના રોઝાની શબીહની તામીરમાં બહેનોએ પોતાના આભુષણો વેચીને પણ ડોનેશન આપવામાં પાછીપાની કરી ન હતી. એક નાનો પણ મહત્વનો પ્રસંગ ટાંકવો અત્યંત જરૂરી સમજીએ છીએ જે શેહઝાદી જનાબે ઝયનબ સ.અ.નું નાનાની ઉમ્મત માટે આપેલ ભોગનું મહત્વ પેશ કરે છે. જયારે શહેઝાહદીના રોઝાની શબીહનું તામીરી કામ ચાલુ થયું અને ઈરાની ભાઈઓ ઝિયારત અર્થે આવતા ત્યારે તેમના વર્તુળોમાં આ વાત વ્યકિતગત રીતે પહોંચી ગઈ. દરેક ભાઈએ યથાશકિત ડોનેશન આપ્યું. એક આશિકે ઈમામ જેઓ પાસે હાથ ઉપર માતબર રકમ તો ન હતી પણ તેઓએ અહદ કર્યો કે મારી શાહઝાદીના રોઝાનું કામ ચાલુ રહે ત્યાં સુધી પોતે દેશના ગામે ગામ ફરીને જે અંગ કસરતના ખેલ કરે છે તેની આવકના ૫૦ ટકા રોઝાની તામીરમાં આપી દઈશ. આ અહદના માતહેત અલગ અલગ સ્થળોએથી મળતી રકમના ૫૦ટકા સુધીના રકમના મનીઓર્ડર જમાતને મળવા લાગ્યા. જેની કુલ રકમ અને અઝાદારે સય્યદુશશોહદા અને શેહઝાદી ઝયનબ સ.અ.ના માતમદારનું નામ નોંધ પર નથી. પણ અમોને યકીન છે કે આ અઝાદારનું નામ મારા મૌલાના દફતરમાં પ્રથમ હરોળના ચાહકોમાં અવશ્ય હશે જ.

આમ સર્વે મોહિબ્બાને સય્યદુલ શોહદાના માલી શારિરીક અને શાબ્દીક પ્રયત્નોના સમર સ્વરૂપે ૧૯૮૬-૮૭માં ૧૨૫'χ ૧૨૫' ના વિશાળ શહેનવાળા રોઝાની શબીહ તૈયાર થઈ ગઈ અને તે વખતના અઝાએ હુસૈનના અઝાદારીના પ્રોગ્રામમાં મૌલાના સય્યદ હસન નવાબ સાહેબ મર્હુમના શુભ હસ્તે ઈફતેતાહ કરવામાં આવી.

આ મુબારક જગ્યાએ દેશભરના આશિકો, મઝલુમે કરબલા અને સાનીએ ઝેહરાની ઝિયારત અર્થે આવે છે. અને પોતાના દામનોને હાજતોથી ભરીને જાય છે.